# 2027 વન ડે વર્લ્ડકપમાં 10 ટીમે ટિકીટ કપાવી, ચાર સ્થાન માટે રસાકસી

**અફઘાનિસ્તાને** આયર્લેન્ડ સામે જીત મેળવીને રેન્કિંગમાં સ્થાન મજબૂત કરી વર્લ્ડકપમાં સ્થાન મેળવી લીધુ

**અફઘાનિસ્તાનની** જીતને પગલે હવે વેસ્ટઇન્ડિઝે સતત ત્રીજી એડિશનમાં ક્વોલિફાયર રમવાનો વારો આવ્યો

**આઠ** ટીમો રેન્કિંગથી જ્યારે દક્ષિણ આફ્રિકા અને ઝિમ્બાબ્વે યજમાન હોવાથી ટૂર્નામેન્ટમાં સીધા ક્વોલિફાય થયા

## રાશિદના પ્રદર્શનથી આયર્લેન્ડને હરાવી અફઘાનિસ્તાને 2027 વર્લ્ડકપમાં ક્વોલિફાય કર્યું



બેલફાસ્ટ, તા. 11 : સોમવારે આયર્લેન્ડ સામે જીત મેળવીને અફઘાનિસ્તાને 2027 વર્લ્ડ કપ માટે આપમેળે ક્વોલિફાય કરી લીધું છે, પાંચ મેચની સીરિઝની બીજી મેચમાં આયર્લેન્ડ સામે ત્રણ વિકેટથી નાટ્યાત્મક વિજય મેળવ્યા બાદ અફઘાનિસ્તાને પોતાનું સ્થાન પાકું કર્યું હતું. જેમાં અફઘાનિસ્તાનના કેપ્ટન રાશિદ ખાને પોતાની ઓલરાઉન્ડ કુશળતા દર્શાવી હતી. પ્રભાવશાળી બોલિંગ પ્રદર્શનમાં, રાશિદ ખાને ત્રણ વિકેટ લીધી, જેનાથી આયર્લેન્ડ ટીમ કુલ 206 રન સુધી મર્યાદિત રહી. રાશિદે તે પછી બેટિંગમાં નોટઆઉટ 37 રન બનાવીને પાંચ ઓવર બાકી રાખીને પોતાની ટીમને વિજય અપાવ્યો હતો. રાશિદનું પ્રશંસનીય પ્રદર્શન સીરિઝની પહેલી મેચમાં વધુ એક મજબૂત પ્રદર્શન પછી આવ્યું છે, જેમાં તેણે છ વિકેટ લીધી હતી, જે વૈશ્વિક ટુર્નામેન્ટ પહેલા અફઘાન ટીમની વ્યૂહરચનામાં તેની મહત્વપૂર્ણ ભૂમિકાને ઉજાગર કરે છે.

દુબઇ, તા. 11 : પુરુષોના વન ડે વર્લ્ડકપ 2027 માટે કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે, અને આ ઈવેન્ટ માટે સીધી ક્વોલિફાય થનારી 10 ટીમોનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. સોમવારે બેલફાસ્ટમાં રમાયેલી વન ડેમાં આયર્લેન્ડને ત્રણ વિકેટથી હરાવીને, અફઘાનિસ્તાન મેગા ઈવેન્ટ માટે સીધી ક્વોલિફાય થનારી 10મી ટીમ બની. આ જીત સાથે, અફઘાનિસ્તાને વન ડે રેન્કિંગ અને ક્વોલિફિકેશન સાયકલમાં પોતાનું સ્થાન મજબૂત બનાવ્યું, અને વર્લ્ડ કપ માટે સીધું સ્થાન મેળવ્યું. જો કે તેની આ જીતથી બે વારના વર્લ્ડ ચેમ્પિયન વેસ્ટ ઈન્ડિઝને 50 ઓવરની ટૂર્નામેન્ટની સતત ત્રીજી એડિશન માટે ક્વોલિફાયરમાંથી પસાર થવાનો વારો આવ્યો છે.

2027 વન ડે વર્લ્ડકપનું આયોજન દક્ષિણ આફ્રિકા અને ઝિમ્બાબ્વે દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવશે અને તેમાં નામિબિયા પણ આ સહ-યજમાન છે. યજમાન દેશો તરીકે, દક્ષિણ આફ્રિકા અને ઝિમ્બાબ્વેને ટૂર્નામેન્ટમાં સીધો પ્રવેશ મળ્યો છે. જ્યારે વન ડે રેન્કિંગ અને કટ-ઓફના આધારે, ભારત, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, પાકિસ્તાન, ઈંગ્લેન્ડ, શ્રીલંકા અને બાંગ્લાદેશે પણ મુખ્ય રાઉન્ડમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું હતું તેમાં હવે અફઘાનિસ્તાનના ઉમેરા સાથે, 10 સીધી ક્વોલિફાઈંગ ટીમોની યાદી હવે પૂર્ણ થઈ ગઈ છે.

આ સીધી ક્વોલિફિકેશન પ્રક્રિયાથી બે વખતની વર્લ્ડ ચેમ્પિયન વેસ્ટ ઈન્ડિઝ, નેધરલેન્ડ અને આયર્લેન્ડ જેવી મજબૂત ટીમો આ વખતે ટોપ 10માં સ્થાન મેળવવામાં નિષ્ફળ રહી છે. આ ટીમોને હવે 2027 વર્લ્ડકપના મુખ્ય રાઉન્ડમાં પહોંચવા માટે ક્વોલિફાયરના લાંબા અને કઠિન રાઉન્ડમાંથી પસાર થવું પડશે, જ્યાં ભૂલ માટે કોઈ જગ્યા રહેશે નહીં.

14 ટીમોના આ વર્લ્ડકપમાં બાકીના ચાર સ્થાનો ભરવા માટે હવે આઈસીસી વર્લ્ડકપ ક્વોલિફાયર યોજાશે. વેસ્ટ ઈન્ડિઝ, આયર્લેન્ડ અને નેધરલેન્ડ્સ જેવી ટીમો અંતિમ ચાર સ્થાનો સુરક્ષિત કરવા માટે એસોસિયેટ રાષ્ટ્રો સાથે સ્પર્ધા કરશે. એ જોવાનું રસપ્રદ રહેશે કે કઈ ચાર ટીમો ક્વોલિફાયર્સની કઠિન સ્પર્ધામાંથી પોતાનું સ્થાન સુરક્ષિત કરે છે.

# દિલ્હીમાં ભારત-અફઘાનિસ્તાન વચ્ચે ત્રણ ટી-20 મેચની સીરિઝ રમાશે

**અફઘાનિસ્તાનની** યજમાનીમાં રમાનારી સીરિઝની મેચો 13, 15 અને 17 સપ્ટેમ્બરે રમાશે

**અફઘાનિસ્તાન** સામેની સીરિઝને પગલે ભારતીય ટીમના બાંગ્લાદેશ પ્રવાસની સંભાવના ઓછી

નવી દિલ્હી, તા. 11 : આવતા મહિને ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે ત્રણ મેચની ટી-20 ઈન્ટરનેશનલ સીરિઝ રમાશે. એક અહેવાલ મુજબ, અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડે આ સીરિઝની તારીખોની પુષ્ટિ કરીને તેની મેચો 13, 15 અને 17 સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાશે એવું કહ્યું છે. જેના કારણે ભારતના બાંગ્લાદેશના પ્રસ્તાવિત સફેદ બોલ પ્રવાસની શક્યતા લગભગ સમાપ્ત થઈ ગઈ છે.

એસીબીએ 10 ઓગસ્ટના રોજ લખેલા પત્રમાં જણાવ્યું હતું કે બીસીસીઆઈ તારીખો પર સંમત થઈ ગયું છે. આ સીરિઝ સાથે એવું પહેલી વાર બનશે કે જ્યારે અફઘાનિસ્તાન સત્તાવાર રીતે દ્વિપક્ષીય સીરિઝમાં ભારતની યજમાની કરશે. બોર્ડે મીડિયા અધિકાર ધારકોને તેમનું અગાઉથી આયોજન, સમયપત્રક, ઉત્પાદન વ્યવસ્થા, પ્રમોશનલ પ્રવૃત્તિઓ અને અન્ય તૈયારીઓ શરૂ કરવા જણાવ્યું છે.

બાંગ્લાદેશ-ભારત સીરિઝ અંગે મંત્રી સ્તરે ચર્ચા થઈ રહી છે, જેમાં બાંગ્લાદેશની નવી સરકાર પ્રવાસની આસપાસની અનિશ્ચિતતાનો ઉકેલ લાવવા માટે ઉત્સુક છે. બંને ટીમો ગયા વર્ષે ઓગસ્ટમાં બાંગ્લાદેશમાં ત્રણ વન ડે અને ત્રણ ટી-20 ઈન્ટરનેશનલ રમવાની હતી, પરંતુ ભૂ-રાજકીય તણાવને કારણે તેને 2026 સુધી મુલતવી રાખવામાં આવી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે બીસીસીઆઈ બાંગ્લાદેશના પ્રસ્તાવ પર, જો કોઈ હોય તો, સરકાર સાથે સલાહ લીધા પછી જ નિર્ણય લઈ શકશે . બાંગ્લાદેશના રમતગમત મંત્રી અમીનુલ હકે જણાવ્યું હતું કે સરકાર ટૂંક સમયમાં ઉકેલ શોધવાની આશા રાખે છે.

# શ્રીલંકાને ફટકો : નિસાન્કા, મેન્ડિસ ભારત સામેની ટેસ્ટ સીરિઝમાંથી બહાર

**પથુમ** નિસાન્કા અને કુસલ મેન્ડિસ નિર્ધારિત સમય સુધીમાં ફિટ થવાની કોઇ સંભાવના નથી

**મેન્ડિસના** સ્થાને નિરોશન ડિકવેલાની ત્રણ વર્ષ પછી ટીમમાં વાપસી થવાની ઉજળી સંભાવના

કોલંબો, તા. 11 : ભારત સામે 15 ઓગસ્ટથી શરૂ થનારી ટેસ્ટ સીરિઝ પહેલા શ્રીલંકાને મોટો ઝટકો લાગ્યો છે. ઈજાગ્રસ્ત બેટ્સમેન પથુમ નિસાન્કા અને કુસલ મેન્ડિસ નિર્ધારિત સમય સુધીમાં ફિટ થવાની સંભાવના નથી. આ જ કારણ છે કે શ્રીલંકાએ હજુ સુધી પોતાની ટીમની જાહેરાત કરી નથી. એવું કહેવામાં આવી રહ્યું છે કે પસંદગીકારો તેમના બંને મુખ્ય બેટ્સમેનોના ફિટનેસ અપડેટની રાહ જોઈ રહ્યા હોવાથી આ વિલંબ થયો છે.

હવે લગભગ નક્કી છે કે બંને ખેલાડીઓ ટીમની બહાર છે. એવું માનવામાં આવે છે કે બંને ખેલાડીઓ હાલમાં ટેસ્ટ ક્રિકેટના વર્કલોડને સંભાળી શકતા નથી. ટીમના નજીકના સૂત્રો સૂચવે છે કે મેન્ડિસની ગેરહાજરીમાં, 54 ટેસ્ટ રમી ચૂકેલા નિરોશન ડિકવેલાનો ટીમમાં સમાવેશ કરવામાં આવશે. જો આવું થાય, તો તે અનુભવી વિકેટકીપર-બેટ્સમેનનું ત્રણ વર્ષ પછી પુનરાગમન થશે, જેણે છેલ્લે 2023 માં ટેસ્ટ રમી હતી. પસંદગીકારોએ 22 વર્ષીય ઉભરતા બેટ્સમેન અંજલા ભંડારા કરતાં ડિકવેલાના અનુભવને વધુ પ્રાધાન્ય આપ્યું હતું. ભંડારા ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં 60 થી વધુ સરેરાશ ધરાવે છે. અસિતા ફર્નાન્ડો ઝડપી બોલિંગ આક્રમણનું નેતૃત્વ કરશે, જેમાં લાહિરુ કુમારા અને વિશ્વ ફર્નાન્ડોનો પણ સમાવેશ થવાની અપેક્ષા છે. પ્રભાત જયસૂર્યા સ્પિન બોલિંગ એકમનું નેતૃત્વ કરશે.

# વિરાટ કોહલીનો ઉત્સાહ અન્ય ખેલાડીઓને પ્રેરણા આપે છે : ટી દિલીપ

**માજી** ફિલ્ડીંગ કોચના મતે કોહલીનો ઉત્સાહ ઓછામાં ઓછા પાંચ ખેલાડીને તેમની મર્યાદાથી વિશેષ પ્રદર્શન કરવા પ્રેરે છે

નવી દિલ્હી, તા. 11 (પીટીઆઈ) : ભારતના માજી ફિલ્ડિંગ કોચ ટી દિલીપે જણાવ્યું હતું કે, ફિલ્ડિંગ કરતી વખતે વિરાટ કોહલીનો ઉત્સાહ અન્ય ખેલાડીઓ પર પણ સકારાત્મક અસર કરે છે અને તે ઓછામાં ઓછા પાંચ અન્ય ખેલાડીઓને તેમની મર્યાદાથી આગળ પ્રદર્શન કરવા માટે પ્રેરણા આપે છે.

ભારતીય ટીમ સાથેનો લગભગ પાંચ વર્ષનો જેમનો કાર્યકાળ તાજેતરના ઈંગ્લેન્ડ પ્રવાસ પછી સમાપ્ત થયો હતો તે દિલીપે પ્રેક્ટિસ અને મેચ દરમિયાન કોહલીના ઉત્સાહ અને જુસ્સાને જાળવી રાખવા બદલ પ્રશંસા કરી. દિલીપે જીઓસ્ટારને કહ્યું કે જ્યારે વિરાટ કોહલીની વાત આવે છે, ત્યારે તેની ઉર્જા અજોડ છે. તમે તેને પાવરપ્લેમાં જોયો છે, તમે તેને બેટ્સમેન તરીકે રમતા જોયો છે. ભલે તે કવર પર હોય કે શોર્ટ મિડ-વિકેટ પર, તેની ચપળતા અને ડાઈવિંગ અજોડ છે. તે હંમેશા રમતમાં પોતાનું સર્વસ્વ આપે છે. તેની કારકિર્દીના આ તબક્કે પણ, તે ડેથ ઓવરોમાં એક છેડાથી બીજા છેડા સુધી દોડે છે. દિલીપે કહ્યું કે કોહલીના આ ઉત્સાહનો અન્ય ખેલાડીઓ પર પણ સકારાત્મક પ્રભાવ પડે છે.

# બંગાળના ક્રિકેટર અભિષેક પોરેલની બળાત્કારના આરોપમાં ધરપકડ

**પોરેલ** પર કર્ણાટકની એક મેડિકલની સ્ટુડન્ટનું લગ્નનું વચન આપીને જાતીય શોષણ કરવાનો આરોપ

**ચિનસુરાહ** કોર્ટે અભિષેક પોરેલના જામીન નકારીને તેને ત્રણ દિવસના રિમાન્ડ પર મોકલ્યો



કોલકાતા, તા. 11 (પીટીઆઈ) : ઈન્ડિયન પ્રીમિયર લીગમાં દિલ્હી કેપિટલ્સ તરફથી રમતા બંગાળના ક્રિકેટર અભિષેક પોરેલની એક મેડિકલ સ્ટુડન્ટનું લગ્નનું વચન આપીને તેનું જાતિય શોષણ કરવાના આરોપસર હુગલી જિલ્લામાં પોલીસે ધરપકડ કરી હતી. જેને આજે મંગળવારે કોર્ટમાં રજૂ કરાતા કોર્ટે તેના જામીન નકારીને ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

હુગલી (ગ્રામીણ) ના પોલીસ અધિક્ષક કુંવર ભૂષણ સિંહે પીટીઆઈને જણાવ્યું કે તેની વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો હતો અને કોર્ટ દ્વારા તેની ધરપકડ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. ગઈકાલે મોડી રાત્રે તેની ધરપકડ કરવામાં આવી હતી. તેને આજે કોર્ટમાં રજૂ કરવામાં આવશે. સોમવારે મોડી રાત્રે મોગરા પોલીસે પોરેલની ઉત્તર 24 પરગણા જિલ્લાના ડમ ડમ સ્થિત તેના નિવાસેથી ધરપકડ કરી હતી અને મંગળવારે તેને ચિનસુરાહની કોર્ટમાં રજૂ કરાયો હતો.

20 જુલાઈના રોજ કલકત્તા હાઈકોર્ટે પોલીસને આ કેસના સંદર્ભમાં ક્રિકેટરની ધરપકડ કરવાનો નિર્દેશ આપ્યા બાદ આ ધરપકડ કરવામાં આવી હતી. કોર્ટે ફરિયાદીના ફોટોગ્રાફ્સના પ્રસારને રોકવા માટે તેના ઈલેક્ટ્રોનિક ઉપકરણો જપ્ત કરવાનો પણ આદેશ આપ્યો હતો. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે પોલીસે પોરેલ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતા (IPC) ની કલમ 69, કલમ 311 અને 318 અને IPC ની અન્ય જોગવાઈઓ તેમજ માહિતી ટેકનોલોજી અધિનિયમની કલમ 66 અને 72 હેઠળ કેસ નોંધ્યો છે.

કર્ણાટકની એક મેડિકલ સ્ટુડન્ટે 23 જૂને મોગરા પોલીસ સ્ટેશનમાં પોરેલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે તેઓ લગભગ સાડા ત્રણ વર્ષથી રિલેશનશિપમાં હતા અને લગ્ન કરવાની યોજના હતી. મહિલાએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે બંને સાથે વિદેશ પ્રવાસે ગયા હતા પરંતુ પોરેલે પાછળથી તેમના સંબંધોનો ઈનકાર કર્યો હતો, જેના પગલે તેણે પોલીસનો સંપર્ક કર્યો હતો.

## પોરેલની ધરપકડ અંગે હાઇકોર્ટમાં સુનાવણી 14મી સુધી મુલતવી

બંગાળના ક્રિકેટર અભિષેક પોરેલ વિરુદ્ધ લગ્નના બહાને એક મહિલા સાથે જાતીય સંબંધો બાંધવાના કેસમાં રાજ્ય સરકારે તેની ધરપકડ બાદ તપાસ આગળ વધારવા માટે સમય માગ્યો હોવાથી કોલકાતા હાઈકોર્ટે મંગળવારે સુનાવણી 14 સપ્ટેમ્બર સુધી મુલતવી રાખી હતી રાજ્ય સરકારે ધરપકડ પછી લેવાયેલી કાર્યવાહી સમજાવવા અને વધુ તપાસ કરવા માટે ન્યાયાધીશ સૌગત ભટ્ટાચાર્ય સમક્ષ સમય માગ્યો હતો. કોર્ટ સમક્ષ એક અહેવાલ પણ રજૂ કરવામાં આવ્યો હતો. આ કેસમાં પોરેલના એક મિત્રને પણ આરોપી બનાવવામાં આવ્યો છે, જેની હજુ સુધી ધરપકડ કરવામાં આવી નથી. સુનાવણી મુલતવી રાખતા, ન્યાયાધીશ ભટ્ટાચાર્યએ આ મામલાને 14 સપ્ટેમ્બરના રોજ ફરીથી સૂચિબદ્ધ કરવાનો નિર્દેશ આપ્યો.

# મોઈસેસ હેનરિક ટી-20 વર્લ્ડકપ ક્વોલિફાયરમાં પોર્ટુગીઝ ટીમનું નેતૃત્વ કરશે

**ઓસ્ટ્રેલિયા** વતી ચાર ટેસ્ટ, 16 વન ડે અને 24 ટી-02 મેચ રમી ચૂકેલા હેનરિક મૂળ પોર્ટુગલનો છે




સિડની, તા. 11 : ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ઓસ્ટ્રેલિયા માટે ચાર ટેસ્ટ, 16 વનડે અને 24 ટી-20 મેચ રમી ચૂકેલો 39 વર્ષીય અનુભવી ઓલરાઉન્ડર મોઈસેસ હેનરિક હવે એક નવા દેશ સાથે નવી ઈન્ટરનેશનલ કેરિયર શરૂ કરી રહ્યો છે. હેનરિક હવે ઓસ્ટ્રેલિયા છોડીને પોતાના મૂળ વતન એવા પોર્ટુગલ વતી ઈન્ટરનેશનલ ક્રિકેટ રમશે અને તે આ અઠવાડિયે, 2028ના ટી-20 વર્લ્ડકપ માટેની ક્વોલિફાયરમાં પોર્ટુગીઝ રાષ્ટ્રીય ટીમનું નેતૃત્વ કરશે, પોર્ટુગલ પોતાના પહેલા ટી-20 વર્લ્ડકપમાં સ્થાન મેળવવાનું લક્ષ્ય ધરાવે છે. હેનરિકનો જન્મ પોર્ટુગીઝ ટાપુ મડેઈરા પર થયો હતો, જે દિગ્ગજ ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનું મૂળ વતન છે.

# બુમરાહની ગેરહાજરીમાં ગુરનૂર ભારતનો ‘એક્સ-ફેક્ટર’ બની શકે : મહારૂફ

**મહારૂફના** મતે જૂના બોલથી બુમરાહની વિકેટ લેવાની ક્ષમતાની ખોટ ભારતને ચોક્કસ સાલશે

**માજી** શ્રીલંકન ઓલરાઉન્ડરે વિકેટકીપર ઋષભ પંતને શ્રીલંકા માટે સૌથી મોટો ખતરો ગણાવ્યો

કોલકાતા, તા. 11 (પીટીઆઇ) : ભારત અને શ્રીલંકા વચ્ચે શનિવારથી ગોલમાં શરૂ થનારી બે મેચની ટેસ્ટ સીરિઝ પહેલા, શ્રીલંકાના માજી



ઓલરાઉન્ડર ફરવીઝ મહારૂફે યુવા ફાસ્ટ બોલર ગુરનૂર બ્રારને ભારતીય ટીમનો સંભવિત ‘એક્સ ફેક્ટર’ ગણાવ્યો અને કહ્યું કે જસપ્રીત બુમરાહની ગેરહાજરીમાં, આ 26 વર્ષીય ફાસ્ટ બોલરને ટેસ્ટ ડેબ્યૂ કરવાની તક આપવી જોઈએ.

દક્ષિણ આફ્રિકા સામે ઘરઆંગણે 0-2થી શ્રેણી હાર્યા બાદ ભારત WTC સ્ટેન્ડિંગમાં પાંચમા સ્થાને છે. શ્રીલંકા સામેની મહત્વપૂર્ણ શ્રેણી માટે ટીમ ઈજાગ્રસ્ત બુમરાહ વિના રમશે. મોહમ્મદ સિરાજ પેસ આક્રમણનું નેતૃત્વ કરે તેવી અપેક્ષા છે, જ્યારે પ્રસિધ કૃષ્ણાના સ્થાને ગુરનુર બ્રારને પ્લેઈંગ ઈલેવનમાં તક મળવાની પણ જોરદાર ચર્ચા છે. સોની સ્પોર્ટ્સ નેટવર્ક દ્વારા આયોજિત વર્ચ્યુઅલ પ્રેસ કોન્ફરન્સમાં, મહારૂફે કહ્યું કે બુમરાહની જૂના બોલથી રિવર્સ સ્વિંગ કરાવવાની ક્ષમતા ભારત માટે એક મોટી સંપત્તિ છે, અને તેની ગેરહાજરી ચોક્કસપણે અનુભવાશે. તેની વિકેટ લેવાની ક્ષમતામાં ઘટાડો થઈ શકે છે. મોહમ્મદ સિરાજ એક સારો બોલર છે, પરંતુ બંનેની તુલના કરવાથી તફાવત સ્પષ્ટપણે દેખાય છે. મહારૂફે કહ્યું કે ગુરનૂરની ઉંચી ઊંચાઈ, વધારાનો ઉછાળો, ઝડપી ગતિ અને આક્રમક વલણ બ્રાર ઈન્ડિયાના ‘એક્સ ફેક્ટર’ બનાવી શકે છે.

## સુડોકુ - ૬૬૩૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૪ | ૫ | | | ૨ | | ૯ | |
| | ૬ | | | ૩ | | | | ૫ |
| ૭ | | ૨ | ૫ | ૮ | | | | ૬ |
| ૪ | ૨ | ૮ | | | ૩ | | | |
| | | | | | ૫ | ૮ | | |
| | ૭ | ૩ | ૬ | ૧ | ૮ | ૨ | ૪ | ૯ |
| | ૫ | | | ૯ | | ૩ | | |
| | ૮ | | | ૨ | ૭ | ૬ | ૫ | ૪ |
| | | ૭ | ૧ | ૫ | | ૯ | ૮ | ૨ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોકસમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### અતિસાર

કુમળી કાકડી પર ઊભો કાપ મૂકી તેમાં સિંધવ અને હિંગનું મિશ્રણ એક ચમચી ભરી તે પર એરંડા- દિવેલાના છોડના ચાર પાનમાં વીંટાળી દો. ચૂલા પર જાળી મૂકી તે પર આ બીડું મૂકી સેકો. પાનની વરાળથી બફાઇ જાય ત્યારે તેનો રસ કાઢી પીવો.

## આજનું પંચાંગ

**તા. 12/08/2026, બુધવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** અષાઢ
**તિથિ:** વદ : વદ અમાવસ : 23:08, દીપ પૂજા
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** શ્રાવણ: 21 **યોગ :** વ્યતિપાત
**કરણ:** ચતુષ્પદ **નક્ષત્ર :** પુષ્ય : 08:00 પછી જન્મેલાની આશ્લેષાની શાંતિ કરાવવી. **રાશિ:** કર્ક (ડ.હ.)30:08 પછી સિંહ (મ.ટ.)
**દિવસ :** અશુભ-દિવાસાનું રાત્રે જાગરણ, હરિયાળી અમાવસ, ખગ્રાસ સૂર્ય ગ્રહણ ભારતમાં નહી દેખાય.
**સુરતમાં સૂર્યોદય :** 06:17 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:10
**નવકારસી :** 07:05
**પારસી વર્ષ :** 1395 ગાથા-3- સ્પેંતોમદ
**મુસલમાન વર્ષ :** 1448 સફર માસનો 28મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
**રાત્રિનાં ચોઘડિયાં:** ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
**રાહુકાળ:** બપોરે : 12:00 થી 13:30 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** નોકરીમાં નવી જવાબદારી મળવાથી પ્રભાવ વધે. સામાજિક કામ કરવાની તક મળે. વારસા બાબતે પ્રગતિ થાય.

**વૃષભ (બ,વ,ઉ,):** ઉચ્ચ શિક્ષણ ટેકનોલોજી ટ્યુશન, લેખન, પ્રકાશન દલાલી, પ્રવાસ જેવા કામમાં આવક વધે. નવી તક મળે.

**મિથુન (ક,છ,ઘ,):** સંતાનોની ચિંતા સતાવે. આર્થિક બાબતે સાવધાની રાખવી. નવા કામ માટે યોજના બને. મોજશોખના ધંધામાં આવ.

**કર્ક (ડ,હ,):** પ્રવાસમાં વિઘ્નો આવે. બિન જરૂરી ખર્ચા વધશે. જીવનસાથીનો સાથ મળે. ધાર્મિક પ્રવાસમાં સાવધાની રાખવી.

**સિંહ (મ,ટ,):** ગુપ્તભય સતાવે. સમાજ સેવાથી શાંતિ મળે. મોજ-શોખના ખર્ચા વધશે. આર્થિક ભીંસ વધશે.

**કન્યા (પ,ઠ,ણ,):** ઉચ્ચકક્ષાના મિત્રોનો સાથ મળે. શેર, સટ્ટા લોટરીથી લાભ થાય. પ્રેમમાં વિશ્વાસ વધશે.

**તુલા (ર,ત,):** આવક વધે. સમાજમાં માન મળે. સ્ત્રી વર્ગથી સાવદાન રહે. નોકરીમાં જવાબદારીથી બોજ વધશે.

**વૃશ્ચિક (ન,ય,):** શુભ સમાચાર મળે. વિદેશના કામ થાય. ધાર્મિક યાત્રા થાય. બૌદ્ધિક કાર્ય સફળ બને.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** આંખની કાળજી લેવી. ગુપ્ત શત્રુઓથી નુકસાન થઇ શકે છે. સરકારી કામમાં સાવધાની રાખવી.

**મકર (ખ,જ,):** ભાગીદારીનો કામમાં સફળતા મળે. ઉમરલાયકને યોગ્ય પાત્ર મળે. નોકરીમાં પ્રગતિ થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** અચાનક શત્રુઓથી અશાંતિ વધશે. અચાનક નોકરીમાં ઇન્ટરવ્યુ આવી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ,):** શેરબજારમાં તક મળે. સંતાનોનાં કામ થાય. વિદ્યાર્થીઓને મદદ મળે. પ્રેમમાં સાથ મળે.

## કોઈ પણ સાલમાં 12 ઓગસ્ટે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહ જનક પસાર થાય. નવા ફેરફારથી જવાબદારી, કાર્યબોજની સાથે નવી તક મળે. ટેકનોલોજીનો લાભ મળે. આરોગ્ય સામાન્ય રહે. ઉઘરાણી આવી શકે છે. આર્થિક બાબતે સામાન્ય રહે. સમાજમાં માન વધે. ઉમરલાયકને યોગ્ય પાત્ર મળે. વિદેશનાં કામમાં પ્રગતિ થાય. નોકરી ધંધા-સમાજ વગેરેમાં હરીફો પરેશાન કરે. આવક વધારવાની યોજનામાં મદદ મળે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. પ્રેમવિવાહમાં મદદ મળે વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થી રાહત થાય. નવા ઘર,વાહન, મકાનની યોજના પાર પડે. મિત્રો-વડીલોની મદદ સમાજ, વારસા, જાયદાદ, જમીન વગેરેનો કામમાં મળતી રહે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. ફેબ્રુઆરી-માર્ચ તથા નવેમ્બર ડિસેમ્બર, ગુરુ શુક્રવાર, 03,12,21,30 તારીખે નવા કામ કરવા પીળા, જાંબલી રંગનો ઉપયોગ કરતા રહેવું જૂન-જુલાઈ, બુધ રવિવાર, 02,11,20, 29 તારીખે નવા કામ ટાળવાં. લાલ-નીલા રંગનો ઉપયોગ ટાળવો.

## અનુસંધાન ... પાના પહેલાનું

### ચંદ્ર પર...

સંમતિ દર્શાવી હતી. ગયા વર્ષે સફળ થયેલા સંયુક્ત નાસા-ઈસરો નિસાર મિશન બાદ બંને દેશો ભવિષ્યમાં વિજ્ઞાન અને માનવ અવકાશ ઉડાન ટેક્નોલોજીમાં સહયોગ વધારવા પણ સંમત થયા છે. બેઠકમાં ISRO અધ્યક્ષ વી. નારાયણન અને અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે સંબોધન કરતા ભારત-અમેરિકા અવકાશ સહયોગ મજબૂત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

### અમેરિકી કોર્ટે...

પ્રિજુડિસ એટલે કે કાયમી ધોરણે ફગાવી દેવામાં આવ્યા છે, જેનો અર્થ એ થાય છે કે આ આરોપો ભવિષ્યમાં ફરીથી દાખલ કરી શકાશે નહીં. અત્રે ઉલ્લેખનીય છે કે ગૌતમ અદાણી અને તેમની કંપની સામે ભારતમાં પ્રોજેક્ટ મંજૂરી માટે સરકારી અધિકારીઓને અપાયેલી લાંચની બાબત અમેરિકી શેર ધારકોથી સંતાડવાનો આરોપ હતો.

### ઉત્તર-મધ્ય...

તો વરસાદ લાવનારી બંને સિસ્ટમો સક્રિય હોવાથી મધ્ય અને પૂર્વ ભારતના અનેક વિસ્તારોમાં આગામી થોડા દિવસ સુધી વરસાદનો દોર ચાલુ રહેવાની સંભાવના છે. ગુજરાત અને તેની આસપાસના વિસ્તારોમાં પણ હવામાનની સ્થિતિ પર આ સિસ્ટમોની અસર જોવા મળી શકે છે.

### શરદ પવારની...

મોદીએ આ હાજરીની આગેવાની કરી હતી, જેમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને કોંગ્રેસના નેતાઓ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત અનેક નેતાઓ સામેલ થયા હતા. એનસીપી(શરદ પવાર જૂથ) ના વડા શરદ પવારના દોહીત્રી અને સુપ્રિયા સુળેના પુત્રી રેવતીએ જૂન મહિનામાં મુંબઈમાં નાગપુરના ઉદ્યોગપતિ સારંગ લાખાણી સાથે લગ્ન કર્યા હતા. દિલ્હીમાં તેમનો સત્કાર સમારંભ સોમવારે યોજાયો હતો. દિલ્હીના આ ભવ્ય રિસેપ્શનમાં અમિત શાહે નવદંપતી સાથે તસવીરો ખેંચાવી હતી, જેમાં રેવતી લાલ રંગની સુંદર સાડીમાં સજ્જ જોવા મળી હતી. સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા પોતાના પરંપરાગત પોશાકમાં સજ્જ થઈને આવ્યા હતા. પ્રિયંકાની સાથે તેમની પુત્રી મિરાયા અને પુત્ર રાયહાન પણ ઉપસ્થિત રહ્યા હતા. મજેન્ટા રંગની સાડીમાં અદભુત દેખાતા સુપ્રિયા સુળે પણ ગાંધી પરિવાર સાથે જોડાયા હતા અને નવદંપતી સાથે પોઝ આપ્યો હતો. કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, આરએસએસ વડા મોહન ભાગવત, લોકસભા સ્પીકર ઓમ બિરલા સહિત અનેક રાજકારણીઓ હાજર હતા. અત્રે ઉલ્લેખનીય છે કે જૂન મહિનામાં રેવતીના મુંબઇમાં યોજાયેલ લગ્ન સમારંભમાં અમિતાભ, રણબીર કપૂર, ફરહાન અખ્તર જેવા અભિનેતાઓ હાજર હતા. મોદીએ પ્રિયંકાના હાલચાલ પૂછ્યા હતા.

### એર ઈન્ડિયાની...

પદાર્થો) માટેના સ્ક્રીનીંગ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. પાયલોટ-ઇન-કમાન્ડના પ્રાથમિક ટેસ્ટમાં વધુ પુષ્ટિની જરૂર જણાતા, તેમના સેમ્પલને નિયુક્ત લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, હવે કન્ફર્મેટરી ટેસ્ટમાં પણ તે ગાંજા જેવા આ કેફી દ્રવ્ય માટે પોઝિટિવ આવ્યો છે, એટલે કે આ પાયલોટે આ નશીલો પદાર્થ લીધો હોવાનું લેબોરેટરીના ટેસ્ટમાં સાબિત થયું છે. તપાસ પેન્ડિંગ હોવાથી બંને પાયલોટોને પહેલાથી જ ઉડ્ડયનની ફરજ પરથી હટાવી દેવામાં આવ્યા છે. જો કે, એરક્રાફ્ટ એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB) એ ચેતવણી આપી છે કે જ્યાં સુધી તપાસ ચાલુ છે ત્યાં સુધી માહિતીના કોઈપણ એક અલગ ટુકડાના આધારે તારણો ન કાઢવા જોઈએ. બ્યુરોએ જણાવ્યું હતું કે તમામ ટેકનિકલ, ઓપરેશનલ, મેડિકલ અને માનવીય પરિબળોના પુરાવાઓની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે. AAIB એ જણાવ્યું હતું કે તપાસમાં વિમાન અને તેની સિસ્ટમોની તપાસ, ફ્લાઇટના રેકોર્ડ કરાયેલા ડેટા, સંબંધિત ઓપરેશનલ અને મેઇન્ટેનન્સ રેકોર્ડ્સ, તબીબી માહિતી અને સંબંધિત વ્યક્તિઓની પૂછપરછનો સમાવેશ થાય છે. કોઈ પણ નિષ્કર્ષ પર પહોંચતા પહેલા તમામ ભૌતિક પુરાવાઓની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે, તેમ તેણે જણાવ્યું હતું. એરબસ A320 ૪ ઓગસ્ટના રોજ ફૂકેટથી દિલ્હી આવી રહી હતી ત્યારે સામાન્ય ઊંચાઈ પર ઉડાન દરમિયાન અચાનક તેની ઊંચાઈમાં આશરે ૩૦૦ ફૂટનો ફેરફાર થયો હતો. આ વિમાનમાં ૩ નવજાત શિશુઓ સહિત ૧૩૭ મુસાફરો અને ૮ ક્રૂ મેમ્બર્સ (બે પાયલોટ અને છ કેબિન ક્રૂ) સવાર હતા. મુસાફરો અને કર્મચારીઓ મળીને કુલ ૨૪ને ઇજાઓ થઇ હતી.

### દિલ્હી ડાયરી...

કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધી, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને તેમના સાંસદ બહેન પ્રિયંકા ગાંધી વાડ્રા જોડાયા હતા. અલબત્ત, સત્તાધારી ભાજપના નેતૃત્વ હેઠળના ગઠબંધન અને કોંગ્રેસના નેતૃત્વ હેઠળના ઇન્ડિયા ગઠબંધન બંનેના અન્ય નેતાઓ પણ હાજર હતા.

આશ્ચર્યજનક રીતે, સુપ્રિયા સુલેએ પોતાની પુત્રીના આ હાઇ-પ્રોફાઇલ લગ્ન રિસેપ્શનનું આયોજન કોઇ ફાઇવ-સ્ટાર હોટેલ કે હાઇ-એન્ડ બેન્ક્વેટ હોલમાં કરવાને બદલે પોતાના સત્તાવાર નિવાસસ્થાન, ૬ જનપથ ખાતે કર્યું હતું.

### દિલ્હી સ્થિત વિદેશી રાજદૂતોનો બિલાડીપ્રેમ

ભારતમાં સિંગાપોરના હાઇ કમિશનર સિમોન વોંગ, જેમણે નવી દિલ્હીમાં સતત બે મુદત પૂરી કરી છે, તેઓ મુત્સદ્દીગીરી સિવાયના એક અલગ જ કારણસર સમાચારમાં છે.

તેમણે તાજેતરમાં એક રખડતી બિલાડીના બચ્ચાને દત્તક લીધું છે જેનું નામ હવે ‘કોપી’ રાખવામાં આવ્યું છે, સિંગાપોરની પરંપરાગત સ્થાનિક કોફીના નામ પરથી તેનું નામ રાખવામાં આવ્યું છે. વાદળી આંખો ધરાવતી ડાર્ક બ્રાઉન રંગની બિલાડી કોપી આ સપ્તાહમાં જ સિંગાપોર હાઇ કમિશનના લોન પર તેમના દ્વારા ત્યજી દેવાયેલી હાલતમાં મળી આવી હતી. અગાઉ, મોલ્દોવાના રાજદૂત એના તાબને પણ ‘બિલી’ નામની ભારતીય બિલાડી દત્તક લીધી હતી. આકસ્મિક રીતે, તાબને બિલાડી દત્તક લીધા પછી તેમની બદલીના આદેશો આવ્યા હતા. નવી દિલ્હીમાં મોલ્દોવન એમ્બેસીના સ્ત્રોતોએ જણાવ્યું કે, તે ભારતીય બિલાડી હવે તેમની સાથે યુરોપમાં રહે છે.

### અમિત શાહ...

છે. કોંગ્રેસ અને ટીએમસી તેને પાછુ ખેંચવાની માગ કરે છે જ્યારે બીજેડી તેને જેપીસી પાસે મોકલવા કહે છે.